શ્રીમંત સરકાર ગાયકવાડ માહારાજા

શીયાજીરાવ

કાઠીયાવાડમાં પધાર્યા.

તેની સ્વારીનું વર્ણન.

બનાવનાર.

ઠક્કર લવજી ખોડા. મુ. દામનગર.

દોહરો.

કરૂં વંદન હું ઈશ્વરા, કરજોડી માહારાજ;
અખંડ અવીચલ રાખજો, ગાયકવાડીરાજ.

સુરત.

ખોદાબક્ષ પ્રેસ એમ. જે. પોટવાલા નાણાવટ.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

કીંમત ૧ આનો.



3095

શ્રીમંત સરકાર ગાયકવાડ માહારાજાધિરાજ શ્રીયાજી

રાવની હજુરમાં.

માહારાજા સાહેબની જય થાઓ.

નમૃતા પુર્વક વીનંતી, આપ ખુદાવંત સરકારના રાજય માં અમે, સુખ અને શાંનતીમાં વશીએ છીએ.

આપનુ દીર્ઘ આયુશ થાઓ, અને ઘણા વરસ અમારીપર રાજય કરો. એવી અમારી ગરીબ રઈએતની હમેસ વારમવાર સર્વ શકતીમાં, ઇશ્વર પાશે પ્રાથનાછે. હુ ગરીબ અને દુર્બળ સ્થીતીનો માણસછું. જેથી સ્વામી ભકતીમાં. બીજી કાંઈ મારાથી શેવા નહી બને, તેમ ધારી મારા પોતાના મનમાં ઉછરંગથી. મારી અલ્પ બુધ્ધી પ્રમાણે નીચેની કવીતા બનાવી નામદારની હજુરમાં રવના કરૂછુ તે કૃપા કરી સ્વીકારશો.

સ્તુતી રાગ આરતી.

જય ગુનપતી દેવા, જય જય ગુણપતી દેવા

પ્રથમ સમરીયે તુજને. ભવના સુખ લેવા

ચઢે તુને શીદુર, ફુલડાની માળા. (૨)

મુખ પર સુંઢ બીરાજે, છોતમે દુંદાળા—જય

અગર તણો કરી ધુપ, કરૂ તારી શેવા. (૨)

આરતી ઊતારૂ પ્રીતે, ગુણ સાગર જેવા.—જય
થાળભરી મોદીક, બીજા બહુ મેવા. (૨)
મુખવાસ બીડાપાન, ફેરફળ પણ તેવા.—જય
સ્વારીનું વર્ણન, કરવું છે આજે (૨)
હસ્ત જોડી કહુંએજ, સહાય તુથાજે—જય ગુનપતી દેવા.

(રાગ લાવણી)

દીપોસીયાજીરાવ માહારાજ રાજ તમારૂ,
કીધો દાભેણ મુકામ રઈએતને સારૂ ટેક.
સાથે હસ્તીઘોડા સુખપાળ બહુછે સ્વારી.
બીજા અનેકછે ઊમરાવ, વળી વેહેપારી.
દીપો શીયાજીરાવ માહારાજ, રાજ તમારૂ.
કીધો દાભેણ મુકામ, રઈએતને સારૂ.
નથી પાયદળનો કાંઈ પાર, ફોજ છે ફરતી.
થાય નોબતનો બહુનાદ, ધુજે છે ધરતી.
દીપો શીયાજીરાવ માહારાજ, રાજ તમારૂ.
કીધો દાભેણ મુકામ, રઈએતને સારૂ.
રૂડા હજારો હથીયાર, બાંધીને ચાલે.
બહુ જરી તણા નીસાન, શોભેછે ભાલે.
દીપો શીયાજીરાવ માહારાજ, રાજ તમારૂ.

કીધો દામેણે મુકામ, રઈએતને સારૂ
નાખ્યો તંબુતણો પડાવ, ઝરીનો જ્યારે.
દામેણામાં આનંદ, થયોછે ત્યારે.
દીપો શીયાજીરાવ માહારાજ, રાજ તમારૂ.
કીધો દામેણે મુકામ, રઈએતને સારૂ,
આવે આસ પાસના લોક, સલામો ભરવા.
હોય અનેક જાતના દુઃખ, તેને દુર કરવા.
દીપો શીયાજી રાવ માહારાજ, રાજ તમારૂ.
કીધો દામેણે મુકામ, રઈએતને સારૂ.
તમે સુર્ય રુપીછો આપ, નીશી દુર કરશો.
જે રઈએતના પોકાર, શુખે શાભળશો.
દીપો શીયાજીરાવ માહારાજ, રાજ તમારૂ.
કીધો દામણે મુકામ, રઈએતને સારૂ.
કરો રેહેમ આપ માહારાજ, દયા દીલ આણી.
આપો રઈએતને બહુ શુખ, પોતાના જાણી.
દીપો શીયાજીરાવ માહારાજ, રાજ તમારૂ.
કીધો દામેણે મુકામ, રઈએતને સારૂ.

(રાગ અમેઇશ્વર માગીએ એટલુ.)

ચીરણજીવી રાખો પ્રભુ રાજવી.
શીયાજીરાવ માહારાજનુ નામ દામેણે.

મુકામ શોભે દીન આજનો—૧
રૂડા વાજીત્ર વાગે અતી ઘણા.
સાથે ઢોલ, બાશાં, સરણાઈ, સ્વર ઘણા,
થાઈ, સોભે દીન આજનો.—૨
ગલી કુંચી વળી બજારમાં.
દીધા જાતના જાહાનાં રંગ, ધરીને
ઉમંગ. સોભે દીન આજનો—૩
ધજા પતાકા દીસે શોહાંમણા.
જોવા આવેબીજા બહુ લોક, મળી.
થોકે થોક, સોભે દીન આજનો.—૪
તમકાજે મંડપ રચ્યા ઘણા.
કીધી સોભા અપરંપાર, ખામી નલ.
ગાર સોભે દીન આજનો—૫
હાંડી તકતા ઝુમરનો ઠાઠછે.
દીપ માળા તણુ બહુ તેજ, વચ્ચે પડી.
મેજ સોભે દીન આજનો—૬
છડીદારો ખમાં ખમાં કરે.
થાયે ઘત્ર તણી શીર છાંય, ચમર.
શુખદાય, સોભે દીન આજનો.—૭
ઠકર લવજી ખોડાની વીનતીઃ

થજો તમારો જય જય કાર,
કહુ વારંવાર, સોભે દીન આજનો.—૮

(રાગ ઈંદ્રસભાનો.)

ભલે પધારયા રાજવી.
તમે કીધિ અમપર મેહેર.
ખાઓ પીઓ ખુશી રહો.
કરોની લીલા લેહેર. ૧
કીરતી વધો સહુ દેશમાં.
વળી નવે ખંડમાં નામ.
સદા સલામત રાખે ઈશ્વર.
ગાયકવાડી ગાંમ. ૨
રાજ્ય ધાની શેહેર બડોદા.
નીચે બાવ ન મેહેલ.
શુર્ય બરાબર શોભે પ્યારા.
શીયાજીરાવ છેહેલ. ૩
શુખદાયક શીયાજીરાવ.
અરજ કરૂ માહારાજ.
થોડી બુધીથી સેવા બજાવી.
ફરજ પડીછે આજ. ૩
હોંશે કવીતા કીધી મેતો.

જેવી માહારી બુધ્ય.
ભુલ ચુકજે હોય માહારાજા.
વાંચી કરશો શુધ્ય. ૫
નથી પીંગળ હું જાણતો.
મેં નથી કીધો અભીયાશ.
લવજી ઓઝા નામછે મારૂ
દામ નગરમાં વાશ.

(ઓધવ નંદનો છોરો તે નમે રોથ)
ચોજો એ રાગ.

જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે સું વખાણુ માહારાજાને ભાવનેજો ટેક.
હારે સ્વતંત્ર થઈ, સરવેજનો ફરેજો.
બીક બકોર કે, ભય જરાન લહેજો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે સુ વખાણુ માહારાજાના ભાવનેજો.
આસ પાસના લોકો, તે બહુ આવીયાજો.
સાથે બાળ બચ્ચાંને, તેડી લાવીયાજો
જુથે જુથ મળી જુવે શીયાજીરાવનેજો
મુખે સુ વખાણુ માહારાજાના ભાવનેજો.
મોહોટો મેળો થયો, દામેણા શોહેરમાં જો.

ખાવાં ખોલામાંને, ફરે બહુ લેહેરમાંજો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે સુવખાણુ માહારાજાના ભાવને જો.
રૂડી દુકાનુ તે, અનોપમ ઓપતીજો.
સાથે બ્રાહ્મણીઆ, કંદોઇની શોભતી જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુ વખાણુ માહારાજાના ભાવને જો.
બીડી સોપારી વાળાને, હુકમ કાહડીયા જો.
શાકવાળાની રખમાં, બહુ ફાવીયા જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે સુવખાણુ માહારાજાના ભાવને જો.
બીજા વેપારી જનો તે, બહુ મળયા જો.
ખેલ વાળા ખેલાડીયો, આવી મળયા જો.
જુથે જુથ મળી જુવે સીયાજીરાવને જો.
મુખે સુવખાણુ માહારાજાના ભાવને જો.
આવ્યા શેઠીઆ પટેલીયા, પસાઇતાજો
ચારણ ભાટ થયાછે, વીવાઇતા જો.
જુથે જુથ મળી જુવે સીયાજીરાવને જો,
મુખે સુવખાણુ માહારાજાના ભાવને જો.
મુખે વરણન કરતે, હું કેટલાજો.

ભરયો સમુદ્ર ધુની, જળ જેટલ્યોજો.
જુથે જુથ મળી જુવે સીયાજીરાવને જો.
મુખે સુખાણું માહારાજાના ભાવને જો.
આવી ધામ ધુંમ જોઇને, ખુસી થયાજો.
માહારાજાને તે મનમાં, આવી દયાજો.
જુથે જુથ મળી જુવે સીયાજી રાવને જો.
મુખે શુવખાણું માહારાજાના ભાવને જો.
ચારણ ભાટને, દાંન આપ્યાં રોકડા જો.
કોઈને પચીશ પચાશના થોકડા જો.
જુથે જુથ મળી જુવે સીયાજીરાવને જો.
મુખે સુવખાણું માહારાજાના ભાવને જો.
બીજા બ્રામણજનોને, બોલાવીયાજો
દાંન ગાયોનાં હાંશે કરી, આલીયાજો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુવખાણું માહારાજાના ભાવને જો.
કહું ઇનાંમો તે બહુ, ત્યાં અપાયછે જો.
શાલ પાઘડી શેલાંની, લૂટી થાયછે જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુવખાણું માહારાજાના ભાવને જો.
ખેતી વાળા, લોકો, તે શુખીયા થયા જો.

વેઠવારાનાં દુઃખતો, નાશી ગયા જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુવખાણુ માહારાજાના ભાવને જો.
પર રાજ્ય નાં લોકો તે, બાવરાં ફરેજો.
એ પણ તમારા રાજની, ઈછા કરેજો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુવખાણુ માહારાજાના ભાવને જો.
ઓછી જગાત કરીને, દુઃખ કાપીયાંજો.
વેપારી લોકોને શુખ, બહુ આપીયાંજો.
જુથે જુથ મલી જુવે શીયાજીરાવને જો.
મુખે સુવખાણુ માહારાજાના ભાવને જો.
બીજા કઈક જનોને, શુખીયાં કરયાં જો.
અરજદારોના દાદ,ફ.રમાં ધરયા જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે સુવખાણુ માહારાજાના ભાનાવ જો.
શીલ શંતોષ ભર્યાછે, તમ અંગમાં જો.
દયા ધર્મ રહેછે નીજ, સંગમાંજો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુવખાણુ માહારાજાના ભાવને જો.
રોહેજ બુધીચે કહેછું, હુ તો ગણી જો.

સર્વ રાજ્યમાં તમેછો, મુગટ મણીજો.
જુથે જુથ મળી જુવે શીયાજી રાવને જો.
મુખે સુખાણુ માહારાજાના ભાવને જો.
હુતો આશિસ દઉંછું એટલી જો.
તમ આયુશ વધો, રવી જેટલી જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે સુવખાણુ માહારાજાના ભાવને જો.
તારીખ ઓગણી ડીશેંબર જાણીચ જો.
સને અઢાર છાશીને, પ્રમાણીચ જો.
જુથે જુથ મળી જુવે શીયાજીરાવને જો.
મુખે શુવખાણુ માહારાજાના ભાવને જો.

શ્રી દામ નગરના માહારાજ દયારામ તથા માહારાજ
નરભેરામે. શ્રી ઠાકોરજીનું મંદીર બંધાવ્યું.

તેની લાવણી.

ખુબ મંદીર બન્યું મહારાજ, શોભીતુ સારૂં
હુ નીરખું શ્રીભગવાન, રીઝે દીલ મહારૂ ટેક.
રૂડા ભાત ભાતના રંગ, મંદીરે દીધા.
પ્રભુને લાડાવો લાડ શુખ બહુ લીધાં. ખુબ.—૧
હાંસી તખતાને રે ગલાશ જુવે રાઉ ધારી.
ચુનો દીપેછે ચળકાટ, બારી અટારી. ખુબ.—૨

કથા કરે હરીરામભાઇ, પ્રેમથી સારી.
શાજે થાય મનુષ્યની ભીડ, નરને નારી. ખુબ.—૩
દીપો જુગલ બંધુની જોડ, જગતમાં ભારી.
દયારામ દીશો દયાળ, સારલ્યો મહારી. ખુબ.—૪
નાનેરા નરભેરામ પ્રવીણ છે પુરા.
હરી કથાને કીરતન, બોલે મધુરાં. ખુબ.—૫
વળી કરી પરમારથ કામ. અધીક બહુ નીત્યે.
આપે, અન્નતણું બહુ દાન સાધુનેપ્રીતે. ખુબ.—૬
બીજા શંશાર રૂપી શુખ, નથી જેને વહાલા.
પણ અતી પ્રાણથી પ્રીય, નંદના લાલા. ખુબ.—૭
હું દાશ તણોછું દાશ, કહું કરજોડી.
મેં કીધી કવિતા આજ, મતી મુજથોડી. ખુબ.—૮
હું અલ્પ બુધ્ધી અજાણ, દાશ તમારો.
મુજ દામેણે મુકામ, જ્ઞાતી લુવાણો. ખુબ.—૯
શંવત ઓગણીશે હાલ, સાલ બેતાળી.
રૂડો શોભેછે અશાડ, બીજ અજવાળી. ખુબ.—૧૦

નેક નામ.

ગ્રાહકો ને સુચના કરૂછુ જે, હુકાંઇ કવી નથી. તેમ કવિપણાનો દાવો કરતો નથી. માટે અંદરની ભુલ ચુક મેહેરબાની કરી, શુધારી લેવી, તેમ પદ બંધ કવિતા તો છેજ નહી, પણ જેવીછે તેવી મહારી પ્રથમ કોશેશ જાણી કબુલ કરશો.

જંગત પ્રસીધ્ધ દવા.

અસંખ્ય દરદી ઉપર અજમાવી સીધ્ધ કરેલ.

તદ્દન વનસ્પતીની.

રોગી અને નીરોગી એ બંનેને લેવા લાયક દવા.

જામનગરના વઈદ મણીસંકર ગોવીદજીની બનાવેલી.

આતંકનિગ્રહ નામની ગોલી સુરતમાં હમારે ત્યાંથી મળશે.

આ નામની હાલમાં નવીજ બનાવેલી મહા અદભુત ચમત્કારી દવા વીર્યની વૃદ્ધિ કરવામાં એકકો છે નપુંસક સ્થિતીમાં આવી પડેલ પુરૂષને ખરૂં પુરૂષત્વ બક્ષેછે. સ્ત્રીઓના બગડી ગએલ ગરભાશય તથા પુરૂષના બગડી ગએલ વીર્યને ઘણી સફાઇથી સુધારેછે. તથા ગરભવંતીસ્ત્રીને આપવાથી ગરભનું ઘણી સરસ રીતે પોષણ થાયછે. વળી એ દવા સઘળી જાતના તાવ, નવો અથવા જુનો પ્રમેહ, પ્રદર, પેસાબમાં ધાતનું જવું, પેસાબનું વારંવાર થવું, નબળાઇ, કળતર, બરોળ મરડો, ઝાડા, ચુંક, અજીરણ, ચક્રી વાઇ માથાનું દરદ, ઉધરસ, દમ, પાંડુરોગ, કમળો. અરશ (હરશ.) આંખની એ વીગેરે તમામ દરદોને જડમુળથી ઉખેડી નાંખેછે. તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરેછે. પ્રમેહ (પરમો) આ દરદ અસાધ્ય

છે એમ સીદ્ધ થયું છે. માટે દરેક મનુષ્યને અમારી આગ્રહ સહીત ભલામણ કરીએ છીએ કે એ દવાના અમરત જેવા ફાયદાનાં ફળ ચાખો. દરદ માત્રથી દુર રહો અને લાંબુ આયુષ્ય ભોગવો. એ દવા અતીશય બળ આપનારી તથા કાંન્તિ વધારનારી છે. એ દવાની ગોળી ઓછામાં ઓછી બત્રીશ દરેક મનુષ્યે ઉપયોગમાં લેવી જોઇએ અને એ ૩૨ ગોળીને માટે કીમત ફકત રૂ. ૧ એકજ રાખવામાં આવી છે. પરદેશનાં ગ્રાહકોને એકથી દસ રૂપીઆ સુધીની સાથે મંગાવતાં ટપાલ ખરચ આના ચાર વધારે પડશે.

આ દવાનો ઉપયોગ વિદ્વાન ડાક્ટરો, રાજ્ય વઇદો પંડિતો અને ગ્રહસ્થોએ કરી જોયો છે. અને તેથી તેઓ આ દવાની પ્રસંસા એક અવાજે કરયાજ કરેછે. અને તેઓ તરફથી મળેલ ઉત્તમ સરટીફીકેટો જેમાંથી ફકત થોડાં નમુના દાખલ આ સાથે દાખલ કરેલ છે. જે વાંચવાથી દવાના ગુણ સહજ ધ્યાનમાં આવશે. એ દવા ઉપર કોઇ પણ જાતની પરેજ રાખવાની જરૂર નથી પણ એ દવાનો વિધી ફકત એટલોજ છે કે પંદર વરષની વયથી ઉપરના માણસે એક ગોળી સવારે તથા એક ગોળી સાંજે જમ્યા પછી પાણીના સાથે ગળી જવી અથવા ચાવી ખાવી. અને પંદર વરષની અંદરના માણસે અરધી સવાર સાંજ જમ્યા પછી લેવી. પાંચ વરષની અંદરના બાળકને માટે એ ગોળી લેવાની મના છે. આ દવાના અદ્ભુત ચમતકારથી ઘણા ગ્રહસ્થો આસ્ચરીય પામેછે એટલુંજ નહીં પણ ઘણા વિદ્વાન ડાકટરો અને વઇદો પણ એ દવાનો ચમતકાર જોઇ વિચારમાં પડી તેનું પ્રથક્કરણ કરવા મંડી પડયાછે.

ગોળી વેચનાર બાંધનાર મંચેરજી જમસેદજી શુરત. ઠે.નાણાવટ

વેચનાર મંચેરજી જમસેદજી પોશવાળા
શુરત નાણાવટ.

	રૂ.	આ	પ.
ફીડલ ગાઈડ વગર ઉસ્તાદે સીખી સકાય ……	૦	૮	૦
એનજીન બાએલરનો સાર સંગ્રહ. ……………	૦	૧૩	૦
હુનરનો અરક ………………………………	૧	૦	૦
ગુજરાતી તથા અંગરેજી રજીસતર …………	૦	૧	૦
મમદા પત્ર લેખાવળી ………………………	૦	૩	૦
સરવે ઉપયોગી ગુજરાતી પંચાંગ …………	૦	૧	૦
હાથના વાજા વગાડવાની ચોપડી…………	૦	૪	૦
એક ચતુર નાર અથવા સ્ત્રી સીક્ષણ સાર………	૦	૧	૦
ક્રીકેટ ગાઈદ જેલબોટની ………………	૦	૨	૦
આગગાડી તથા ચંનીપડવાનો રમુજી ગરબો……	૦	૧	૦
સરાવણ મહીનાના રમુજી ગરબા…………	૦	૧	૦
લગનના ગીત તથા રાનીના બાગનો નવો ગરબો…	૦	૧	૦
એસકી બાનુનો ગરબો………………	૦	૨	૦
પતેત પશેમાની ભણવાની ચોપડી…………	૦	૧	૦
સ્ત્રી ચતુરાઈ નાટક………………………	૦	૪	૦
જરથોસતુ પીક્ચર………………………	૦	૧	૦
અરદા વીરાબનામુ ………………………	૧	૦	૦
રેલનો ગરબો………………………………	૦	૧	૦
ગુણ સમુદય વનસપતીના ગુણ વઈદકની ………	૦	૪	૦
ખોરદે અવસતા ગા ………………………	૩	૦	૦